### ગ્લોબલ નોલેજ અંતર્ગત

# IITGnને એજ્યુકેશન હબ બનાવવા US યુનિ. હેલ્પ કરશે

ટેક્નોલોજીના ક્ષેત્રે વિશ્વમાં ખ્યાતિ ધરાવતી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર(આઈઆઈટીજીએન)ને વધારે ક્વોલિટી બેઝ બનાવવા માટે દર વર્ષે આઈઆઈટીજીએનની એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલ દ્વારા ભવિષ્યનો પ્લાન ઘડવામાં આવે છે. તેના ભાગરૂપે ચાંદખેડા ખાતે આવેલી વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજના કેમ્પસમાં હાલ ચાલતી આઈઆઈટીને ૨૦૧૫ના નવા વર્ષમાં આધુનિક બનાવવાની દિશામાં નવા પ્રયાસો ધરવામાં આવી રહયા છે. જે અંગેનો પેપર પ્લાન તૈયાર કરી તેના પર ચર્ચા કરવા માટે ઓલ ઈન્ડિયા આઈઆઈટી એક્સપર્ટ અને યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાની ખ્યાતનામ ૧૦ જેટલી યુનિવર્સિટીઓ સાથે મળીને ત્રિદિવસીય પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિસર્ચ અને ઈનોવેશન માટેના નવા વિકલ્પો, પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ,૨૦૧૫માં નવા કેમ્પસમાં માઈગ્રેશન અને વિદેશી યુનિવર્સિટી સાથેના એજ્યુકેશન સંપર્કો વધારવા જેવા વિવિધ મુદ્દાઓનો સમાવેશ થતો હતો. આઈ.આઈટીજીએન પોતાના સ્ટડી ક્વોલિટીના કારણે વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે.૨૦૧૫ના ન્યુયરમાં હવે વધારે ઈન્સ્ટિટ્યૂટનો ગ્રોથ વધે તે માટે નવા પ્રકારના નિયમો પણ ઘડવામાં આવ્યા છે.

આઈઆઈટીજીએન ખાતે ચાલી રહેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં વિદેશની યુનિવર્સિટીઓ સાથેના સંબધો સ્થાપી એજ્યુકેશન લેવલ રાષ્ટ્રીયસ્તરનું બનાવવાના પ્રયાસો કરવામાં આવશે.



## કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ

આઈઆઈટીના સ્ટુડન્ટસ વધારે સારી કક્ષાનું રીસર્ચ કરી શકે તે માટે ફેકલટીએ કયા પ્રકારના પગલાઓ લેવા, ટ્રેડિશનલી લેવલ અને વિશ્વસ્તરે ફાઈટ આપી શકે તેવા સ્ટુડન્ટસ તૈયાર કરવા તે દિશામાં પણ આઈ.આઈ.ટી ભવિષ્યમાં વર્ક આઉટ કરશે, આ ઉપરાંત નવા કેમ્પસમાં સ્થળાંતર અને વિદેશની યુનિવર્સિટીઓ સાથે કેવી રીતે એજ્યુકેશનલ લેવલ પર રિલેશન ડેવલપ કરવા તે અંગે ફોકસ કરવામાં આવશે.

**IITGn એકેડમિક એડવાઈઝરી કાઉન્સિલે યુએસની યુનિવર્સિટીઓ સાથે મળી ચર્ચા કરી**

## USAની કઈ યુનિવર્સિટીએ ભાગ લીધો

ત્રણ દિવસની આ પેનલ ચર્ચામાં ક્લિમ્સન યુનિવર્સિટી, વોશિંગ્ટન યુનિવર્સિટી,યેલ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ,યુનિવર્સિટી ઓફ કોલોરાડો,લિસ્બન યુનિ-ઈન્સ્ટિટ્યૂટ,પોર્ટુગલ સ્ટેટ યુનિવર્સિટી ઓઉ ન્યૂયોર્ક જેવી અમેરિકાની ખ્યાતનામ યુનિવર્સિટી સાથે આઈ.આઈટી દિલ્હી,બોમ્બે,કાનપુર,બેંગ્લોરના એક્સપર્ટ સાથે મળીને ચર્ચા કરી.

## આઈઆઈટીજીએન ખાતે રીસર્ચ પાર્ક

આઈઆઈટીજીએનના નવા કેમ્પસમાં આઈઆઈટી દ્વારા રિસર્ચ પાર્ક બનાવવામાં આવશે.જેમાં ઉધોગો સાથે કોલાબ્રેશન કરીને ઈન્સ્ટ્રીયલ રિસર્ચનો રોડમેપ તૈયાર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.